सत्यमेव जयते

ગુજરાત સરકાર

# વન અધિકાર ધારો શા માટે ?

## અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને (વન અધિકાર માન્યતા) ધારો - ૨૦૦૬

એફઆરએ સેલ
કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી
બિરસા મુંડા ભવન, ગાંધીનગર.

વાય-૪૫૩ -૧

Scanned with CamScanner

અનુસુચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (વન અધિકાર માન્યતા) ધારો-૨૦૦૬ નો તા. ૩૧/૧૨/૦૭ ના રોજ અમલ જાહેર કરવામાં આવેલ છે.

અનુસુચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (વન અધિકાર માન્યતા) નિયમો-૨૦૦૮ તા.૧/૧/૦૮ ના રોજ થી અમલમાં આવેલ છે.

આ કાયદા હેઠળ ગુજરાત રાજ્યમાં પ્રથમ તબક્કામાં અનુસૂચિત વિસ્તારોમાં એટલે કે સંકલિત આદિજાતિ વિકાસ યોજના હેઠળના ૧૨ જિલ્લાના ૪૩ તાલુકાઓમાં પેસા (કાયદો) -૧૯૯૬ મુજબ ગ્રામસભા યોજી વન અધિકાર સમિતિની રચના કરી અમલની શરૂઆત કરવામાં આવેલી છે. જ્યાં વન વિસ્તાર આવેલો છે તેવા અન્ય તાલુકાના ગામોમાં બીજા તબક્કામાં અમલ કરવામાં આવશે.

Scanned with CamScanner

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | વન અધિકાર ધારો શા માટે ? | ૧ |
| ૨. | વન અધિકારો કોને મળે ? | ૨ |
| ૩. | કયાં કયાં વન અધિકારો મળે ? (વ્યકિતગત) | ૩ |
| ૪. | કયાં કયાં વન અધિકારો મળે ? (સામુદાયિક-આજીવિકા) | ૪ |
| ૫. | કયાં કયાં વન અધિકારો મળે ? (સામુદાયિક-માળખાકીય સુવિધા માટે વન જમીન) | ૫ |
| ૬. | આ કાયદા હેઠળ ગ્રામસભા કોને કહેવાય ? | ૬ |
| ૭. | વન અધિકાર સમિતિ | ૭ |
| ૮. | વન અધિકાર સમિતિની કામગીરી | ૮ |
| ૯. | માળખાકીય સુવિધા માટે વન જમીનમાં અધિકારો મેળવવાની કાર્યવાહી | ૯ |
| ૧૦. | માળખાકીય સુવિધા માટે વન જમીન અંગે વન અધિકાર સમિતિની કામગીરી | ૧૦ |
| ૧૧. | મર્યાદાઓ / પ્રતિબંધ | ૧૧ |
| ૧૩. | લાભની તકો | ૧૨ |
| ૧૨. | અમલીકરણ પધ્ધતિ | ૧૩ |
| ૧૪. | હકકદાવા ફોર્મ-ક અને ખ કયાંથી મળશે ? | ૧૪ |
| ૧૫. | વ્યકતિગત હકકદાવા અંગે ફોર્મ-ક ભરવું. | ૧૫ |
| ૧૬. | સામુદાયિક હકકદાવા (આજીવિકા) ફોર્મ-ખ ભરવું. | ૧૬ |
| ૧૭. | ફોર્મ કયાં જમા કરાવશો. | ૧૭ |
| ૧૮. | ગ્રામસભાની સત્તાઓ | ૧૮ |
| ૧૯. | હક્કદાવા સંબંધી પુરાવા મેળવવા જવાબદારીઓ | ૧૯ |
| ૨૦. | આજની સ્થિતિએ લેવામાં આવેલ પગલાંઓ. | ૨૦ |
| ૨૧. | વધુ માહિતી માટે | ૨૧ |


Scanned with CamScanner

## વન અધિકાર ધારો શા માટે ?

આદિવાસીઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓના અધિકારોને આઝાદી પહેલાં કે પછી યોગ્ય રીતે માન્યતા આપવામાં આવી નથી.

- આ કાયદો નીચેની બાબતો પર ધ્યાન દોરે છે.
  - વન અધિકારોની નોંધણી
  - પુરાવા યાદી
  - આજીવિકા અને ભોજન સુરક્ષા
  - માળખાકીય સુવિધાઓ માટે વન જમીન
  - પર્યાવરણ સંરક્ષણ અને પરિસર સંતુલન

Scanned with CamScanner

## વન અધિકારો કોને મળે ?

- અનુસૂચિત જનજાતિ
- અન્ય પરંપરાગત વનવાસી જે ઓછામાં ઓછા ત્રણ પેઢી એટલે કે ૭૫ વર્ષથી વનવાસી હોય.
- રહેઠાણ માટે પ્રાથમિક રીતે વનમાં રહેતા હોય/ખેતી માટે આંશિક રીતે વનમાં રહેતા હોય.
- આજીવિકા માટે વન અને વનની જમીન પર આધારિત હોય.
- તા.૧૩/૧૨/૨૦૦૫ પહેલાં વનની જમીન પર કબજો હોય.
- વનની જમીન પરનો કબજો તા.૩૧/૧૨/૨૦૦૭ના રોજ ચાલુ હોવો જોઇએ.

Scanned with CamScanner

## કયા કયા વન અધિકારો મળી શકે?

- (૧) વ્યકિતગત અધિકારો-

- જંગલમાં રહેતા હોય તો રહેઠાણ માટે અને જમીન ખેડતા હોય તો ખેતી માટે જમીન મેળવવાનો.

- જંગલમાંથી ગેરકાયદેસર ખસેડયા હોય તો તે જમીન પર ફરી વસવાટ કે ખેતી કરવાનો.

- સરકારશ્રી દ્વારા વિકાસ કામો હેઠળની જમીનો અંગે-

  - જંગલમાંથી કાયદેસર ખસેડવામાં આવ્યા હોય પરંતુ જમીન સામે જમીનનું વળતર ન આપ્યું હોય.

  - વિકાસકામો અંગે જંગલની જમીન સંપાદન કરી હોય પરંતુ આ વિકાસ કામોનો પાંચ વર્ષમાં અમલ ન થયો હોય.

Scanned with CamScanner

## કયા કયા વન અધિકારો મળી શકે ?

(૨) સામુદાયિક અધિકારો - આજીવિકા માટે

- પરંપરાગત રીતે એકઠી કરવામાં આવતી ગૌણ વન પેદાશો
- માછીમારી અને પાણીમાંથી મળતી અન્ય પેદાશો
- આદિમ જૂથ સમુદાયને જંગલમાં વસવાટ કરવાનો
- વિવાદી જમીન પરના અધિકારો
- જંગલ જમીનના પટ્ટાઓને અધિકારમાં તબદીલ કરવા
- વન વસાહતના ગામોને મહેસુલી ગામોમાં તબદીલ કરવા
- સામુદાયિક વનસંપત્તિનાં વ્યવસ્થાપનમાં ભાગીદારી
- અન્ય પરંપરાગત અધિકારો અને રિવાજો

Scanned with CamScanner

## કયા કયા વન અધિકારો મળી શકે ?

(૩) સામુદાયિક અધિકારો-સરકારશ્રી દ્વારા પૂરી પાડવાની થતી ૧૩ માળખાકીય સુવિધાઓ / વિકાસકામો (બાબતો)

(૧) શાળા

(૨) દવાખાનાઓ/હોસ્પિટલો

(૩) આંગણવાડીઓ

(૪) વાજબી ભાવની દુકાનો

(૫) વિદ્યુત અને દૂરસંચારની લાઈનો

(૬) તળાવ અને બીજા નાના જળાશયો

(૭) પીવાના પાણીનો પૂરવઠો અને પાણીની પાઈપ-લાઈન

(૮) પાણી અથવા વરસાદનું પાણી એકત્રિત કરવાના માળખા

(૯) નાની સિંચાઈ નહેરો

(૧૦) ઉર્જાના બિન-પરંપરાગત સ્ત્રોત

(૧૧) કૌશલ્ય-વિકાસ અથવા વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો

(૧૨) માર્ગો (પાકા રસ્તા) અને (૧૩) સમુદાય કેન્દ્રો.

- સરકારશ્રીએ કરવાના થતા વિકાસ કામો અંગે એક હેકટર સુધી વનની જમીન પ્રતિ વિકાસકામ (બાબત)
- બાબતવાર મળનાર વનની જમીન પરથી વધુમાં વધુ ૭૫ વૃક્ષ પ્રતિ હેકટર કાપી શકાશે.

Scanned with CamScanner

## આ કાયદા હેઠળ ગ્રામસભા કોને કહેવાય ?

- પંચાયત (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) ધારો-૧૯૯૬ ની કલમ-૪(ખ) મુજબના ગામ એટલે કે વસાહત, ફળીયા, ફળીયાના સમૂહ, પાડા કે પરા જયાં વસતા લોકો પરંપરા અને રૂઢી-રિવાજોથી જોડાયેલા હોય તેવા મતદાર યાદી પરના / પૂખ્ત વયના સભ્યોનું સંગઠન જે કલમ-૪(ગ) મુજબ ગ્રામસભા કહેવાય.
- ગ્રામસભા બોલાવવાનો અધિકાર ગ્રામ પંચાયતને છે. ખાસ કામગીરી અંગે ગ્રામ પંચાયત અથવા તાલુકા પંચાયત ગ્રામસભા બોલાવી શકે છે.
- આ કાયદા હેઠળ દાવા અરજી સ્વિકારવાની મુદત વધારવાની સંપૂર્ણ સત્તા ગ્રામસભાને છે.

Scanned with CamScanner

## વન અધિકાર સમિતિ

- ગ્રામ પંચાયત પેસા-૧૯૯૬ હેઠળ ગ્રામસભા બોલાવી ૧૦ થી ૧૫ સભ્યોની વન અધિકાર સમિતિની રચના કરી શકે છે.
- આ સમિતિમાં ત્રીજા ભાગના સભ્યો અનુસૂચિત જનજાતિના હોવા જોઈએ. કુલ સભ્યોના ત્રીજા ભાગના સભ્યો મહિલા સભ્યો હોવી જોઈએ. આ મહિલા સભ્યો પૈકી ત્રીજા ભાગની સભ્યો અનુસૂચિત જનજાતિની હોવી જોઈએ.
- સમિતિ પોતે પોતાના અધ્યક્ષ અને સભ્ય સચિવ / મંત્રી નિમશે.
- ગ્રામપંચાયતે વન અધિકાર સમિતિની રચનાની જાણ પેટા વિભાગીય સમિતિને કરવાની રહે છે.

Scanned with CamScanner

## વન અધિકાર સમિતિની કામગીરી

- સમિતિના સચિવ / મંત્રી દાવા અરજી સ્વિકારી દાવા રજીસ્ટરમાં નોંધી દાવેદારને પાવતી આપશે.

- અધ્યક્ષની સહિથી વાદી અને પ્રતિવાદીઓને સ્થળ ચકાસણી વખતે હાજર રહેવા નોટીસ આપવામાં આવશે.

- સ્થળ ચકાસણી વખતે રોજકામ, પંચનામું, સાહેદોના નિવેદનો, પુરાવા, દાખલા કે પ્રમાણપત્ર મેળવી દાવેદારની કેસ ફાઇલ સાથે રાખશે. અધ્યક્ષ સમક્ષ આપેલ નિવેદન અર્ધન્યાયિક ગણાશે.

- પુરાવા અને નિવેદન આધારીત કેસ ભલામણ સાથે ગ્રામસભાને રજૂ કરશે.

Scanned with CamScanner

## માળખાકિય સુવિધા માટે વન જમીનના અધિકારો મેળવવાની કાર્યવાહી

- જે તે બાબત માટે સંબંધિત વિભાગે જે તે ગામ માટે આવતા પાંચ વર્ષમાં હાથ ધરવાની થતી માળખાકિય સુવિધાઓની યાદી તૈયાર કરવી.
- સુવિધા ઉપલબ્ધ હોય પણ અપૂરતી હોય / ન હોય.
- બાબત માટે જરૂરી જમીન નજીકના વન વિસ્તારમાં અનુકૂળ હોય તો સર્વે નંબર અને વિસ્તાર નોંધવો.
- જે તે વિભાગે ગામવાર માહિતી પ્રાંત અધિકારીશ્રી/તાલુકા પંચયતને સુપ્રત કરવી. જે ગ્રામ પંચાયત/એફઆરસીને આપશે.

Scanned with CamScanner

## માળખાકિય સુવિધા માટે વન જમીન અંગે વન અધિકાર સમિતિની કામગીરી

- વન અધિકાર સમિતિ જે તે બાબત સામે મળવાપાત્ર વનની જમીન સર્વે નંબરની વિગતે માંગણી અંગે ગ્રામસભાને દરખાસ્ત કરશે.
- ગ્રામસભા ચર્ચા કરી જમીન મેળવવા ઠરાવ કરી દરખાસ્ત પેટા વિભાગીય સમિતિને સુપ્રત કરશે.
- પેટા વિભાગી સમિતિ સમગ્ર પ્રાંતની / સંબંધિત વન વિભાગ હેઠળ આવતા વિસ્તારની સંકલિત જમીન માગણીની માહિતી જિલ્લા સમિતિને સુપ્રત કરશે.
- કલેકટરશ્રીને જરૂરી હુકમો કરવા જિલ્લા સમિતિ ભલામણ કરશે.

Scanned with CamScanner

## મર્યાદાઓ/ પ્રતિબંધ

- સંબંધિત મર્યાદાની તારીખો
  - તા.૧૩/૧૨/૨૦૦૫ પહેલાં જમીન પર વસવાટ કે ખેતી અંગે કબજો.
  - તા.૩૧/૧૨/૨૦૦૭ ના રોજ કબજો ચાલુ હોવો જોઈએ.
- કબજા હેઠળની જમીન ૪ હેક્ટર/ ૧૦ એકર સુધી મળી શકે.
- સંકટગ્રસ્ત વન્યજીવ નિવાસ સ્થાનોમાં પ્રતિબંધ.
- વન રક્ષણ અને નિરંતર વન પેદાશ નિયમનની જવાબદારીઓ.

Scanned with CamScanner

# લાભની તકો

- આદિવાસીઓની જમીનનો વિકાસ
  - વાડી(બાગાયત) અને એગ્રો ફોરેસ્ટ્રી
  - વધુ વૃક્ષ વાવેતર(શેઢાપાળા અને ખરાબા)
- જળસ્થાનો પરના હકકદાવાઓ
  - પરંપરાગત હકકો અંગે દાવાઓ-પિયત/પીવાનું પાણી
  - મૂળભૂત અધિકારો સંબંધી જંગલજમીનની ફાળવણી-જળસંગ્રહ
- વન પેદાશો પરના હકકદાવાઓ પરંપરાગત પધ્ધતિઓ
  - કોટવાળીયા માટે વાંસ પરના અધિકારો
- રસ્તા, પિયતની સુવિધા અને અન્ય જાહેર બાંધકામો માટે જંગલની જમીન
- વન વસાહતના ગામોને મહેસૂલી ગામોમાં તબદીલ કરવા

Scanned with CamScanner

## અમલીકરણ પધ્ધતિ

- ગ્રામસભાને તમામ સત્તાઓ
- ગ્રામસભા વતી વનઅધિકાર સમિતિ કામગીરી કરશે.
- હકક દાવેદારોએ તેમની દાવા અરજીઓ વન અધિકાર સમિતિને આપવાની રહેશે.
  - કાયદા અને નિયમો પ્રમાણે ફોર્મ-ક અને ખ, દાવા રજીસ્ટર અને સંબંધિત પુરાવાયાદી આદિજાતિ વિકાસ વિભાગ આપશે.
  - વન અધિકાર સમિતિએ દાવા સંબંધિત કાચા નકશાઓ તૈયાર કરવા
  - પેટા વિભાગીય અને જિલ્લા કક્ષાની સમિતિઓની ભલામણોના આધારે માન્યતા અપાશે.
  - વન અધિકાર સમિતિને સરકારશ્રીના સંબંધિત વિભાગો દ્વારા જરૂરી રેકર્ડ, દસ્તાવેજો, નકશા વગેરે પૂરા પાડવા.

Scanned with CamScanner

## હકક દાવા ફોર્મ ક અને ખ કયાંથી મળશે ?

- વન અધિકાર સમિતિના મંત્રી પાસેથી
- ગ્રામ પંચાયત (તલાટી પાસેથી )
- તાલુકા પંચાયત
- મામલતદારશ્રીની કચેરી
- પ્રાંત અધિકારીશ્રીની કચેરી
- તકેદારી અધિકારીશ્રીની કચેરી
- પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ યોજનાની કચેરી

Scanned with CamScanner

## વ્યકિતગત હકકદાવા માટે ફોર્મ-ક ભરવું

- ફોર્મમાં દાવેદારનું, પતિ / પત્નિનું, માતા/પિતાનું નામ અને સરનામું ગ્રામપંચાયતના નામ સહિત વિગતે નોધવું.

- અનુસૂચિત જનજાતિ કે અન્ય પરંપરાગત વનવાસી માટે જરૂરી પ્રમાણપત્ર અથવા પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજી બિડવી.

- જમીનના દાવા અંગે મુદ્દા (૧) થી (૯) પૈકી એક અથવા વધુ મુદા સામે વિગત ભરી વડીલના નિવેદન (સ્ટેમ્પ પેપર સિવાયનું સાદુ) ઉપરાંત વધુ એક પૂરાવો જોડવો. જો આ વધારાના પૂરાવો ન હોય તો સંબંધિત વિભાગ / ખાતાનું નામ જણાવવું. પૂરાવા માટે નિયમો-૨૦૦૮ ના નિયમ-૧૩ જોવો.

- દાવેદારે સહી કરવી / અંગુઠાનું નિશાન બાંધવાનું રહેશે.

Scanned with CamScanner

## ગ્રામસભાની સત્તાઓ / જવાબદારીઓ

- પંચાયત ધારો-૧૯૯૩ ની કલમ - ૯૩ મુજબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી / સરપંચશ્રી જરૂર જણાયે અસાધારણ ગ્રામસભા બોલાવી શકે છે.

- આ ધારા અન્વયે ગ્રામ પંચાયતની સુચનાથી ગ્રામસભા મળી વન અધિકાર સમિતિની નિયમોનુસાર રચના કરે છે.

- વન અધિકાર સમિતિના સભ્યોનું રાજીનામું સ્વિકારી / સભ્યપદ રદ કરી નવા સભ્યોની નિમણુક કરી શકે છે.

- દાવા અરજીઓ સ્વિકારવાની મુદત પ્રથમ વાર ૯૦ દિવસની નકકી કરે છે. જરૂર જણાયે આ માટેની સમય મર્યાદા યોગ્ય લાગે ત્યાં સુધી વધારવાની સંપુર્ણ સત્તા ગ્રામસભાને છે. મુદત વધારવા માટે અસાધારણ ગ્રામસભા મળી લેખિત ઠરાવથી મુદત જાહેર કરી શકે છે.

Scanned with CamScanner

## હકકદાવા સંબંધિ પૂરાવા મેળવવા

- વન અધિકાર માન્યતા નિયમો -૨૦૦૮ ના નિયમ-૧૨(૪) મુજબ સંબંધિત ખાતાની તાલુકા / રેન્જ કક્ષાની કચેરીએ ગ્રામ પંચાયત મારફતે વન અધિકાર સમિતિને જરૂરી પૂરાવા, નકશા કે રેકર્ડ પૂરા પાડવાના થાય છે.
- વન અધિકાર માન્યતા નિયમો -૨૦૦૮ ના નિયમ-૧૩ મુજબ જરૂરી પુરાવાઓ માટે માર્ગદર્શિકાના જોડાણ-ક માં વિગતવાર માહિતી આપવામાં આવેલ છે.
- હક્કદાવેદારોની માંગણી આધારે અથવા વન અધિકાર સમિતિને જરૂરી જણાય તેવા રેકર્ડ, નકશા કે પુરાવા માટે ગ્રામપંચાયત મારફતે સંબંધિત કચેરીને લેખિતમાં જાણ કરવાની રહે છે.

Scanned with CamScanner

## આજની સ્થિતિએ લેવામાં આવેલ પગલાં

- અનુસૂચિત વિસ્તારોમાં વન અધિકાર સમિતિઓની રચના-૫૫૬૯
- વિવિધ સમિતિઓની રચના (પેટા વિભાગ/જિલ્લા સમિતિ)
- રાજયકક્ષાની કોર ગૃપ - અઠવાડિક સમીક્ષા અને સૂચનો
- અઠવાડિક મોનીટરીંગ ( ફેકસ બેજ ) સમીક્ષા અને અમલ
- પ્રશિક્ષકોની પસંદગી અને વન અધિકાર સમિતિના સભ્યોને તાલીમની શરૂઆત
- સામુદાયિક અધિકારો સંબંધી દાવાઓને અગ્રિમતા
- વ્યકિતગત હકકદાવાઓપાત્ર સમાંતર હાથ ધરવામાં આવશે.
- નિયમોનુસાર ફોર્મ-ક- ૬.૦ લાખ, ખ-૧.૫ લાખ, દાવા રજીસ્ટર છાપેલ નંબર સાથે- ૬ હજાર અને ફાઈલ ફોલ્ડર ૧.૦૦ લાખ છપાવી વિતરણ.
- કાયદા અમલીકરણ સંબંધી પ્રશ્નોત્તરી-૧૦,૦૦૦ અને માર્ગદર્શિકા-૧૦,૦૦૦ છપાવી વિતરણ.
- ટીઆરટીઆઇ,અમદાવાદ ખાતે હેલ્પલાઇન નં. ૧૮૦૦ ૨૩૩ ૭૯૨૮ શરૂ કરી.
- આકાશવાણી / દુરદર્શન પર કાર્યક્રમોની શરૂઆત.
- ગુજરાત પાક્ષિકમાં માહિતી.
- સ્વસહાય જૂથો (મહિલા) ધ્વારા તાલીમ.

Scanned with CamScanner

## વધુ માહિતી માટે

- ગ્રામમિત્ર ૧ (કલ્યાણ)
- વન અધિકાર સમિતિના અધ્યક્ષશ્રી અથવા મંત્રી
- સરપંચશ્રી
- સંકલિત આદિજાતિ વિકાસ યોજનાની કચેરીના નોડલ ઓફિસરશ્રી
- ટોલ ફ્રી હેલ્પ લાઇન નં -૧૮૦૦ ૨૩૩ ૭૯૨૮
- એફઆરએ સેલ, કમિશ્નરશ્રી, આદિજાતિની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.

Scanned with CamScanner